# રાજયની તમામ સરકારી શાળાઓમાં (પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક) નિર્મળ શાળા અભિયાન

પરિપત્ર ક્રમાંકઃ ઘ/ માધ્ય./ પરચ/૨૦૧૪/નિ.શા.અ./ 6633-67
કમિશનર, શાળાઓની કચેરી,
૯/૧, ર્ડા. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
તા. ૧૭/૭/૨૦૧૪
૧૯

વંચાણે લીધાઃ:- **શિક્ષણ વિભાગના તા.૧૦/૭/૨૦૧૪ના પત્ર ક્રમાંકઃ પરચ/૧૧૨૦૧૪/૧૧૮/વ.૨**

પરિપત્ર ::

ગુજરાત રાજયમાં શૈક્ષણિક ક્ષેત્રે ગતિશીલતા આવી શકે અને વધુ વિકાસ તરફ ગતિ થઈ શકે તદઅનુસંધાને તા.૭/૭/૨૦૧૪ના રોજ ગતિશીલ ગુજરાત લક્ષ્ય ૧૦૦ દિવસના કાર્યક્રમ બાબતે માન. અગ્રસચિવ (શિક્ષણ) ની અઘ્યક્ષતામાં એક બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું.

સદર બેઠકમાં શિક્ષણ વિભાગને સંબંધિત મુદ્દા પરત્વે વિષદ ચર્ચા કરવામાં આવી હતી અને તેમાં રાજયની તમામ સરકારી શાળામાં (પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક) નિર્મળ શાળા અભિયાન શરૂ કરવાનું નકકી કરવામાં આવ્યું. તદઅનુસંધાને જણાવવામાં આવે છે કે , રાજયની તમામ સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં સંપૂર્ણ સ્વચ્છતાનું નિર્માણ થઈ શકે અને શાળાનો પરિસર શૈક્ષણિક હેતુને અનુરૂપ તેમજ શૈક્ષણિક વાતાવરણ સુચારું અને સુંદર થઈ શકે તે હેતુથી દરેક શાળા સ્વચ્છ રહે તે અંગેની કાળજી લેવાની રહેશે.

**આ માટે નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.**

- બધી સ્કુલોમાં પડી રહેલ ભંગાર માલ સામાનની યાદી બનાવવી.
- દરેક શાળામાં આ સામાનની અપસેટ કિંમત નકકી કરવા સમિતિ બનાવવી.
- માલસામાનનો હરાજીથી નિકાલ કરવા માટે તેની જાહેરાતની પ્રસિઘ્ધિ કરવી.
- રૂા.૫૦૦૦ સુધીની હરાજી મંજુર કરવાની સત્તા શાળાના આચાર્યને આપવી.

..૨..

- હરાજી બાદ તેને મંજૂર કરવાની સત્તા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને આપવી.
- હરાજી બાદ ઉપજેલ રકમ એસએમસીના એકાઉન્ટમાં જમા આપવી.
- શાળાના પ્રાંગણમાં પડેલ કચરો, ઘાસ, શૌચાલયો વગેરેની સફાઈ એનઆરઈજીએ હેઠળ રોકેલ મજુરો મારફત કરાવવી.

સ્વચ્છતા ચકાસણી **દૈનિક / અઠવાડીક / માસિક ધોરણે** નીચે મુજબ કરવાની રહેશે.

## રોજિંદી ચકાસણી કરવાની કામગીરીની વિગતો ::

(૧) શાળાના વર્ગખંડો અને વરંડાની સફાઈ.
(૨) શાળાના મકાનની નજીકની જગ્યાની સફાઈ.
(૩) શાળાના મેદાનની સફાઈ.
(૪) પાણી ભરાઈ રહે તેવી જગ્યાની સફાઈ.
(૫) પાણીની ટાંકીનું લીકેઝ.
(૬) નળમાં થતું લીકેઝ.
(૭) પીવાના પાણીની આસપાસ થતો પાણીનો ભરાવો.
(૮) ડ્રેનેજ સીસ્ટમ.
(૯) ટોઈલેટ (કન્યા) સફાઈ.
(૧૦) ટોઈલેટ (કુમાર) સફાઈ.
(૧૧) ટોઈલેટ (શિક્ષક) સફાઈ.
(૧૨) ખુલ્લી જગ્યાની સફાઈ.
(૧૩) આરો/યુવી આરોની આસપાસ થતો પાણીનો ભરાવ.

## અઠવાડીક ચકાસણી કરવાની કામગીરીની વિગતો ::

(૧) શાળાના કમ્પાઉન્ડ વોલની આસપાસ બહારના વિસ્તારની સફાઈ.
(૨) શાળામાં આવેલ વીજળી ઉપકરણો (બલ્બ, ટ્યુબલાઈટ, પંખા, કોમ્પ્યુટર, પ્રિન્ટર, વગેરે)ની સફાઈ શાળાના ફર્નિચરની સફાઈ.
(૩) લાયબ્રેરીના પુસ્તકોની તેમજ આસપાસ એકઠા થતાં રજકણોની સફાઈ.

## માસિક ચકાસણી કરવાની કામગીરીની વિગતો ::

(અ) પાણીની ટાંકીની સફાઈ.
(૧) ઓવરહેડ ટાંકી.
(૨) જમીન પરની ટાંકી.
(૩) અંડરગ્રાઉન્ડ ટાંકી.

(બ)   શાળાના ધાબાની સફાઈ.

ઉપર્યુક્ત કામગીરી માટેના ચકાસણી પત્રકો આ સાથે સામેલ છે. શાળા આચાર્યશ્રી/શિક્ષકો/ચકાસણી કરનાર અધિકારીશ્રીએ આ કામગીરીની નિયમિત ચકાસણી કરીને પત્રકોમાં નોંધ કરવાની રહેશે.

ઉકત સુચનાનું ચુસ્તપણેપાલન થાય તે માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ મદદનીશ શિક્ષણ નિરીક્ષક ધ્વારા શાળાની ૧૫ દિવસે એકવાર મુલાકાત લેવા ઉપર મુજબની શરતો મુજબ સ્વચ્છતા જળવાઈ છે કેમ, તેની ખાતરી કરી શાળા વિઝીટર રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

પ્રસ્તુત બાબતે માન. અગ્રસચિવશ્રી ( શિક્ષણ) ધ્વારા દર સોમવારે સમીક્ષા કરવાનું નકકી કરવામાં આવેલ હોઈ આ બાબતને ટોચ અગ્રતા આપી ગંભીરતાપૂર્વક નોંધ લઈ તેની કાળજી લેવા આથી સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.

( ઈ.પી. દેસાઈ )
**સંયુકત શિક્ષણ નિયામક (માધ્યમિક)**
**કમિશનર, શાળાઓની ક્ચેરી, ગુ.રા.,**
**ગાંધીનગર.**

પ્રતિ,
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી

<u>નકલ રવાના જાણ સારુ ::–</u>
શ્રી અનંત પટેલ, નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર

ના. ૨/૮/૪

પ્રતિ,
આચાર્યશ્રી
તમામ
જિ-મહેસાણા

— નિર્ણયનું આયોજન કરી
અહેવાલ મોકલ આપશો

જિલ્લા શિક્ષણાધિકારી
મહેસાણા જિલ્લો, મહેસાણા